**જાંબુઘોડા પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમ્યાન કતલખાને લઇ જવાતુ ગૌવંશ બચાવ્યું**

## કાલિયાવાવ નજીકથી ગાયો ભરેલુ પિક અપ વાન સાથે એકને ઝડપ્યો

**પોલીસે** પીકઅપ ડાલા સાથે 3.95 લાખનો મુદ્દામાલ કબજે કર્યો





(પ્રતિનિધિ) જાંબુઘોડા,તા,2

પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે જિલ્લા ના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ની સૂચના મુજબ જિલ્લા તેમજ તાલુકા ઓ માં ગેર કાયદેસર ચાલતી પ્રવૃત્તિ ઓ જેવી કે ગેર કાયદેસર પશુ ઓ ને લઈ જઈ કતલખાને લઈ જવાતા જેવી અનેક પ્રવૃત્તિ ઓ ને નેસ્ત નાબૂદ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ ની સૂચના ઓ ને ધ્યાને રાખી જાંબુઘોડા પોલીસ સ્ટેશન પી.એસ. આઈ. પી.આર.ચુડાસમા અને સ્ટાફ ના અન્ય માણસો ને સાથે રાખી કાયદો અને વ્યવસ્થાને ધ્યાને રાખી જાંબુઘોડા ના કાલિયાવાવ ગામે આવેલ પોલીસ ચેક પોસ્ટ ઉપર થી અવર-જવર કરતા વાહનો ની રાત્રી દરમિયાન ચેકીંગ માં હતા તે સમયે એક પિકઅપ ડાલા જેનો નંબર જીજે.34.ટી.2938 નો ચાલક પોલીસનું ચેકીંગ જોતા પોતાનું વાહન ચેક પોસ્ટ ઉપર મૂકી અંધારા માં નાસિ છૂટ્યો હતો. જેને જોઈ પોલીસના માણસો એ તેનો પીછો કરી ઝડપી પાડ્યો હતો અને પીકઅપ ડાલા માં તપાસ કરતા ગાયો નંગ 6 જે ટૂંકા દોરડા વડે અને ઘાસચારો કે પાણીની સગવડ વિના ક્રુરતા પૂર્વક બાંધેલી જોવા મળી હતી.

જ્યારે પોલીસે ઝડપી પાડેલ આરોપી ને પોતાનું નામ પુછતા તેને પોતાનું નામ મહંમદ મુસ્તકીમ મોહમ્મદ ભાઈ મકરાણી ઉંમર વર્ષ ૨૦ રહે પાલ્લા નવી નગરી તાલુકો ઘોઘંબાનો હોવાનું જણાવ્યું હતું જ્યારે અન્ય બે માણસો જીતુ રાજુભાઈ હરીજન રહે ઉભરવાણ તાલુકો હાલોલ અને સચિન હરીજન રહે સમાદરા તાલુકો પાવીજેતપુર જેવો અંધારા નો લાભ લઈ નાસી છૂટ્યા હતા જ્યારે પોલીસે 6 નંગ ગાય જેની કિંમત નેવું હજાર અને એક મોબાઈલ પાંચ હજાર અને એક પિક અપ ડાલા જેની કિંમત ત્રણ લાખ આમ પોલીસે કુલ 3 લાખ 95 હજારનો મુદ્દામાલ જપ્ત કરી પશુ સંરક્ષણનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું

## ફતેપુરા તાલુકાના યુવાને સાયકલ પર સાયકલ ચારધામની યાત્રા કરી

(પ્રતિનિધિ) દાહોદ,તા,2

ફતેપુરા તાલુકાનો એક યુવાન 2300 કિલોમીટરનું અંતર સાયકલ ઉપર કાપી ચાર ધામની યાત્રાએ નીકળતા બલૈયા ક્રોસિંગ તથા સુખસર ખાતે આવી પહોંચતા ફૂલહાર તથા નાળિયેર આપી તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને યુવાન ચારધામની યાત્રાએ જવા રવાના થતા શુભેચ્છકોએ યુવાનની યાત્રા સફળ રહે તેવા આશીર્વાદ આપ્યા હતા. દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ભોજેલા ગામનો યુવાન ચિરાગભાઈ વળવાઈ આજરોજ ભોજેલા થી ઉત્તરના ચાર ધામ એવા કેદારનાથ, બદ્રીનાથ, યમુનોત્રી તથા ગંગોત્રી જવા માટે સાયકલ ઉપર નીકળેલ હોવાનું જાણવા મળે છે.

જોકે આ ચારધામની યાત્રાએ નીકળેલો યુવાન 2,300 કિલોમીટરનું અંતર કાપી ચાર ધામના દર્શન કરશે. જ્યારે આ પ્રવાસી યુવાન આજરોજ સુખસર આવતાં સ્વાગત કરાયું હતું.

**લીમડીમાં વૃદ્ધા સાથે લૂંટનો બનાવ એલસીબીએ ઉકેલી કાઢ્યો**

## 62 હજારની મતાની લૂંટ ચલાવનાર બંને આરોપીઓને ઝડપી લેવાયા

**બાઇક** પર આવેલા બે ઇસમોએ વૃદ્ધાના સોનાના દાગીના છીનવી ફરાર થયાં હતા




(પ્રતિનિધિ) દાહોદ,તા,2

દાહોદ જિલ્લાના તાલુકાના લીમડી નગરમાં એક ૭૫ વર્ષિય વૃધ્ધને મોટરસાઈકલ પર આવેલા બે ઈસમોએ વૃધ્ધને બાનમાં લઈ વૃધ્ધે શરીરે પહેરી રાખેલ સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂા.૬૨,૫૦૦ની મત્તાની સનસનાટી ભરી લુંટની ઘટનામાં દાહોદ એલસીબી પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી સીસીટીવી ફુટેજમાં મોટરસાઈકલના નંબરની તપાસ કરી બંન્ને લુંટારૂઓને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી તેઓની પાસેથી લુંટમાં લઈ ગયેલ પુરેપુરો મુદ્દામાલ તેમજ મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂા.૨,૬૫,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૯મી જુનના રોજ ઝાલોદના લીમડી કારઠ રોડ પર રહેતાં ૭૨ વર્ષિય પ્રેમચંદભાઈ મોતીભાઈ મોરી સવારના દશેક વાગ્યાના આસપાસ લીમડી ગામે દાહોદ રોડ પર પશુઓ ચરાવવા ગયાં હતાં ત્યારે આશરે ૩૦થી ૩૫ વર્ષની ઉંમરના બે ઈસમો એક મોટરસાઈકલ પર આવી પ્રેચંદભાઈને પકડી પાડ્યાં હતાં અને પ્રેમચંદભાઈનો શર્ટનો કોલર પકડી પાડી મારી નાંખવાની ધમકીઓ આપી પ્રેમચંદભાઈએ શરીરે પહેરી રાખેલ ચાંદીનો કંદોરો, સોનાની મરકી, ચાંદીનું ભોરીયું તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂા.૬૨,૫૦૦ની મત્તાની લુંટ ચલાવી અજાણ્યા બે ઈસમો નાસી ગયાં હતાં. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ એલ.સી.બી. પોલીસે તાત્કાલિક તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો અને લીમડી બજાર તેમજ દાહોદ નેત્રમના સીસીટીવી ફુટેજ ચેક કરી પોલીસે તેઓના ઘરે જઈ તપાસ હાથ ધરી હતી જેમાં પ્રથમ ઈસમે પોતાનું નામ મુકેશ ભાભોર અને બીજા ઈસમે પોતાનું નામ મહેશ ઉર્ફે ભૈલું ગરાસીયા (રહે. પેથાપુર, જુના ફળિયા, તા. ઝાલોદ, જિ. દાહોદ)ને ઝડપી પાડ્યો હતો.

**બલૈયાની BOBમાં મેનેજરનુ ઉદ્ધતાઇભર્યું વર્તન**

## ગ્રાહકે પાસબુકમાં પ્રિન્ટીંગની ભુલ સુધારવાનુ કહેતા મેનેજર વિફર્યા

**સરકારી** કર્મચારીથી ત્રાસેલા ગ્રાહકે ઉચ્ચ સ્તરે રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) સુખસર,તા,2

ફતેપુરા તાલુકાના બલૈયા ખાતે બરોડા ગુજરાત ગ્રામીણ બેંક આવેલ છે.જેમાં શ્રમિકો,ખેડૂતો,વેપારી તથા નોકરિયાત વર્ગના હજારો લોકો આ બેંકના ગ્રાહકો છે.પરંતુ આ બેંકના ગ્રાહકો સાથે બેંક મેનેજર દ્વારા લાંબા સમયથી ઉદ્ધવતાઈ ભર્યું વર્તન કરી બેન્ક ગ્રાહકો ને બેંકથી વિમુખ કરવાની કામગીરી વધુ થતી હોવાની ફરિયાદો લાંબા સમયથી ઉઠી રહી છે.તેવી જ રીતે બલૈયાના મોરપીપળા વર્ગ પ્રાથમિક શાળાનુ એકાઉન્ટ વર્ષ 2003 થી આ બેંકમાં ચાલુ છે.જેમાં આચાર્ય તરીકે તરીકે મયુરભાઈ અંબાલાલ પટેલ આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે.જેઓ બેંક દ્વારા આપવામાં આવેલ પાસબુકમાં બેંક દ્વારા કરવામાં આવેલ પ્રિન્ટિંગ ભૂલ સુધારવા 26 જૂન 2024 ના રોજ બેંકમાં ગયા હતા.અને બેંક મેનેજરને આ પાસબુકમાં પ્રિન્ટિંગ ભૂલ સુધારી આપવા જણાવતા બેંક મેનેજર આચાર્ય ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈ"આજે તમારા જેવા શિક્ષકોના કારણે દેશની હાલત બદતર થઈ છે"તેવું બેન્ક ગ્રાહકોની હાજરીમાં જાહેરમાં બોલી શિક્ષકના વ્યવસાયને કલંક રૂપ શબ્દોનું ઉચ્ચારણ કરી શિક્ષક સમુદાયને અપમાનિત કરેલ હોવાના આક્ષેપ સાથે રજૂઆત કરવામાં આવી છે.

ઉપરોક્ત બાબતે બલૈયાના મોર પીપળા વર્ગ પ્રાથમિક શાળાના આચાર્ય મયુર અંબાલાલ પટેલ દ્વારા બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના ગ્રાહકોની સહી સાથે ચેરમેન,બરોડા ગુજરાત ગ્રામીણ બેંક,હેડ ઓફિસ,વડોદરા તથા રિજીયોનલ મેનેજર ગોધરા ખાતે રજૂઆત કરી ન્યાયની માંગ કરી છે.

**મોટી સંખ્યામાં રક્તદાતાઓ હાજર રહ્યા**

## દાહોદમાં રોટરી ડાયમંડ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ,તા,2

રોટરીનું સેવા વર્ષ દર વર્ષે 1 જુલાઈ થી શરૂ થઈ 30 મી જૂને પૂર્ણ થાય છે, નવા વર્ષના પ્રારંભે રોટરી ડીસ્ટ્રિક -3040 નાં ડીસ્ટ્રિક ગવર્નર રોટે.અનીશ મલિક ની સૂચના થી ડીસ્ટ્રિક ની 118 ક્લબ એક સાથે ડોકટર ડે પર બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કર્યું છે,દાહોદ સ્થિત રોટરી ક્લબ ડાયમંડ,રોટરી કલબ દાહોદ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. ક્લબ નાં પ્રમુખ હીરાલાલ સોલંકી એ પ્રથમ વાર બ્લડ આપનાર ડોનર ને પ્રોત્સાહિત કર્યા હતા. રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ નાં મંત્રી રતનસિંગ બામણિયા દ્વારા સમગ્ર કેમ્પ ની વ્યવસ્થા સંભાળી હતી. ઝાયડસ હોસ્પિટલ નાં કર્મચારી કિરણ બેન ગોસ્વામી એ આયોજન માં સહકાર આપ્યો હતો. બ્લડ ડોનેશન કેમ્પ માં 16 જેટલી બોટલ પ્રાપ્ત થઈ હતી. ડોકટર ડે હોઈ ઝાયડસ નાં ડોકટર શૈલેજ માનેને રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદનાં પ્રમુખ,મંત્રી દ્વારા શાલ,પુષ્પગુચ્છ અને માળા અર્પણ કરી સન્માનિત કરાયા હતા.



## ઢીંકવા પ્રાથમિક શાળામાં બાળ સંસદ ચૂંટણી યોજાઈ

(પ્રતિનિધિ) પાવાગઢ,તા,1

હાલોલ તાલુકાની ઢીંકવા પ્રાથમિક શાળા માં 2024-25 ના વર્ષ માટે બાળ સંસદ ની ચૂંટણી યોજાઈ. જેમાં મહામંત્રી તરીકે પરમાર રિતિકાબેન અર્જુનસિંહ અને ઉપ મહામંત્રી તરીકે નાયક દીપિકાબેન રાહુલભાઈ વિજેતા થયા.ભારત જેવા વિશ્વ ની સૌથી મોટી પ્રજાસત્તાક લોકશાહી ધરાવતા રાષ્ટ્રમાં મતાધિકારનો ઉપયોગ કેવી રીતે કરવો એ સમજ નાગરિકમાં આવે એ જરૂરી છે. બાળકો ને પોતાના વિદ્યાર્થીકાળ દરમિયાન જ આ સમજ કેળવાય સાથે સાથે બાળકો માં નેતૃત્વ ના ગુણ નો વિકાસ થાય અને આવનારા દિવસો માં ભારત માં લોકશાહી ને મજબૂત કરવા ઉત્તમ નાગરિકો પ્રાપ્ત થાય એવા ઉમદા હેતુઓ સર આ નાગરિક ઘડતર ની ઉત્તમ પ્રવૃત્તિનું આયોજન શાળામાં થયું.

**પરિપત્ર મુજબ માસિક રૂપિયા ૧૪,૮૦૦ પગાર ચૂકવવામાં આવ્યો ન હતો**

## નાદરવા તથા બાહીના PHC કેન્દ્રના બે કર્મીઓને પગાર ચૂકવવા HCનો આદેશ

(પ્રતિનિધિ) કાલોલ,તા,2

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાંદરવા મુકામે તારીખ ૨૬/૧૦/૯૯થી પર સ્વીપર તરીકે ફરજ બજાવતા જસવંતભાઈ ડી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાહી મુકામે ૬/૪/૦૨થી વોર્ડ આયા તરીકે ફરજ બજાવતા લલીતાબેન કે તેઓને લાંબા સમયની નોકરી હોવા છતાં સંસ્થા દ્વારા ખૂબ જ ઓછો પગાર ચૂકવી તેમનું શોષણ કરવામાં આવતું હતું.

તે બાબતે બંને શ્રમયોગીઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈનો સંપર્ક કરી તેમના થતા શોષણ બાબતે રજૂઆત કરતા ફેડરેશ દ્વારા વિકાસ કમિશનર જુના સચિવાલય ગાંધીનગર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય ગાંધીનગર અને જિલ્લાનું જિલ્લા પંચાયત ગોધરાને પંચમહાલને તારીખ ૨૬/૧૧/૨૦ના રોજ રીપ્રેઝન્ટેશન કરી અરજદારોને સરકાર શ્રી ના તારીખ ૧૬/૭/૧૯ના પરિપત્ર મુજબ માસિક રૂપિયા ૧૪,૮૦૦ પગાર ચૂકવવા તેમજ ના પરિપત્રના લાભો આપવા બાબતે જાણકારી કરેલ પરંતુ યોગ્ય સરકાર દ્વારા કોઈ પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો પરંતુ કામદારોને મૌખિક રીતે જણાવેલ કે આવા કોઈ લાભો તમને મળી શકે નહીં વકીલો દ્વારા તો આવા કાગળો આવ્યા કરે એવું જણાવતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એ નંબર ૧૧૩૦૬/૨૨ દાખલ કરે જે કેસમાં અરજદાર તરફે હાઈકોર્ટના એડવોકેટ દિપક આર દવે હાજર રહી કેસમાં પડેલા પુરાવા આધારિત દલીલો કરે એ દલીલો ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નિખિલ એસ કારીયેલ સાહેબે બંને શ્રમયોગીઓને સરકારશ્રીના પરિપત્ર મુજબ વર્ષ ૨૦૧૯થી રૂ.૧૪,૮૦૦ મુજબ પગાર તેમજ પગાર તફાવતની રકમ ચૂકવવા તથા સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ના પરિપત્રના લાભો મેળવવા માટે અલગથી પિટિશન દાખલ કરવાનો આદેશ ફરમાવતા કામદાર તથા તેમના પરિવારમાં આનંદ છવાયો હતો.

**દારૂની બદી અને અસામાજિક તત્વો સામે પોલીસની લાલ આંખ**

## હાલોલ ગ્રામ્ય પોલીસે કુખ્યાત બુટલેગરની અટકાયત કરી પાસા હેઠળ ધકેલ્યો

(પ્રતિનિધિ) હાલોલ,તા,2

પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ પંથકમાંથી દારૂની અસામાજિક પ્રવૃત્તિને નેસ્ત નાબૂદ કરવા તેમજ પ્રોહી. બુટલેગરો ઉપર પાસા તથા તડીપારની અસરકારક કાર્યવાહી કરવા હાલોલ નાયબ પોલીસ અધિક્ષક વિ.જે. રાઠોડ તેમજ રૂરલ પોલીસ ઈન્સપેક્ટર આર.એ જાડેજાએ કવાયત હાથ ધરી હતી જે અંતર્ગત હાલોલ તાલુકાના ચાંચડિયા ગામે રહેતા અને હાલોલ પંથકના પ્રોહિબિશનના લીસ્ટેડ કુખ્યાત બુટલેગર હિતેશ ઉર્ફે જાડો જશવંતસિંહ રાઠોડ સામે હાલોલ રૂરલ અને હાલોલ ટાઉન તેમજ જાંબુઘોડા પોલીસ મથકે વિદેશી દારૂ મંગાવી કટીંગ કરવાના પ્રોહિબિશનના 03 ગુના દાખલ થયેલ હતા જેને અનુલક્ષીને હિતેશ ઉર્ફે જાડાની પાસાની દરખાસ્ત હાલોલ રૂરલ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એ. જાડેજાએ દ્વ તૈયાર કરાવડાવી જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરાનાઓને મોકલી આપતા પાસા દરખાસ્ત મંજૂર કરાઈ હતી અને આરોપીને પાસા હેઠળ અટકાયત કરી રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાનો હુકમ ગત તા.30/03/2024 પંચમહાલ જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષકુમાર દ્વારા કરવામાં આવી હતી જેમાં પાસાનો આ આરોપી હિતેશ ઉર્ફે જાડો રાઠોડ પોતાની અટકાયત ટાળવા સારું છેલ્લા કેટલાય દિવસોથી આમ તેમ નાસ્તો ફરતો હતો જેમાં તેની વોચ કરી રહેલા હાલોલ રૂરલ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એ.જાડેજાને બાતમી મળી હતી કે પાસા ધારા હેઠળના હુકમનો આરોપી હિતેશ ઉર્ફે જાડો જશવંતસિંહ રાઠોડ રહે ચાંચડિયા તા.હાલોલ હાલ હાલોલ તાલુકાના અભેટવા ગામે હાલોલ-અરાદ રોડ પર ઉભો છે જે બાતમીના આધારે રૂરલ પોલીસના સર્વેલંન્સ સ્ટાફના કર્મચારીઓએ બાતમીવાળા સ્થળેથી આરોપી હિતેશ ઉર્ફે જાડો જશવંતસિંહ રાઠોડને ઝડપી પાડી તેની અટકાયત કરી રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યો હતો.

**પાછલા યુનિટના આધારે બિલો બનાવાતા રોષ**

## જેટીએસના કાર્યકરો યુનિટના આધારે બિલ આપવા માગ કરી

(પ્રતિનિધિ) દાહોદ,તા,1

હાલમાં આગળના વપરાયેલા યુનિટ પ્રમાણે વીજ બિલ બનાવવામાં આવી રહ્યુ હોવાનું જણાવીને જેટીએસના કાર્યકરો છે દ્વારા કલેક્ટર યોગેશ નિરગુડેને આવેદન આપ્યુ હતું. આવેદનમાં જણાવાયુ હતું કે, પ્રાઈવેટ એજન્સી મારફતે થઈ રહ્યું છે એવું જાણવું મળ્યું છે

અને આ એજન્સી રદ કરવા માગ, નહીંતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરાશે. એજન્સીના માણસો દર બે મહિને ઘરે ઘરે મીટરમાં યુનિટ ચેક કરીને લાઈટબીલ આપવાના બદલે આશરે પાછલા લાઈટબીલના આધારે લાઈટબીલ આપી રહ્યા છે. જેના કારણે એક સાથે, 10,000, 20,000 જેટલું લાઈટબીલ ભરવા પાત્ર થતું હોય અને એક સાથે ન ભરી શકતા મીટર કપાય જાય છે. તેથી રેગ્યુલર લાઈટબીલ આપે અથવા આ એજન્સી રદ કરવામાં આવે અને નિયમિત કામ કરતી કોઈ એજન્સીને આપવામાં આવે જો. આવું થશે નહીં તો આવનાર સમયમાં જનતા ટાઈગર સેના દાહોદ જિલ્લાની જનતાને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચીમકી આપવામાં આવી હતી.

JTS ગુજરાત પ્રદેશ પ્રમુખ દેવેન્દ્ર મેડા, સામાજિક આગેવાન, જયેશભાઈ સંગાડા, ક્રિષ્ના ચારેલ, પરમેશ્વર પલાસ, વિનોદ માવી, શાહરુખ શૈખ, સંજયભાઈ હઠીલા, મુકેશભાઈ સંગાડા, બાદલ નિનામા, કૈલાશ પણદા સહિતના વડિલો ઉપસ્થિત રહ્યા હતાં.

**કાલોલ તળાવ બ્યુટીફિકેશનના અને નગરમાં ચાલતા રોડ ના કામ બાબતે ધારાસભ્યે મુલાકાત કરી જરૂરી સુચનાઓ આપી**



**કાલોલ :** કરોડો રૂપિયાના ખર્ચે કાલોલ ના તળાવ બ્યુટીફિકેશન ની કામની ગુણવત્તાની પોલ પહેલા જ વરસાદ ધોઈ નાખતા ઇજારેદારના કામ અને મટીરીયલ ની ગુણવત્તા પર સવાલે નિશાન ઉભા થયા હતા. ત્યારે સોમવારના રોજ કાલોલના ધારાસભ્ય અને તાલુકા પંચાયત ઉપ પ્રમુખ ગુણવંતસિંહ ચૌહાણ , કારોબારી અધ્યક્ષ ઉપેન્દ્રસિંહ ચાવડા, મહામંત્રી સંજય રાઠોડ, કિરણસિંહ સોલંકી સાથે સ્થળ ઉપર દોડી ગયા હતા. ધારાસભ્ય દ્વારા તળાવ ના બ્યુટીટીફિકેશનના સ્થળની રૂબરૂ મુલાકાત કરી હતી. અને ધોવાઈ ગયેલા રસ્તા અને હલકી ગુણવત્તાના સામાન પરત્વે કાલોલ ના ચીફ ઓફિસર તેમજ બાંધકામ એન્જિનિયરને સ્થળ ઉપર બોલાવી જરૂરી સુચનાઓ આપી હતી આ ઉપરાંત પરંબા સોસાયટી પાસે બની રહેલા સી.સી રોડની પણ રૂબરૂ મુલાકાત લઈ રોડ બનાવનાર કોન્ટ્રાકટર ને બોલાવી ઉચ્ચ ગુણવત્તા વાળું કામ કરવાની સૂચના આપી હતી. અને વિકાસના કામોમાં સરકારી નાણા નો પૂરેપૂરો ઉપયોગ કરવા અને ઉચ્ચ ગુણવત્તા નું કામ કરવાની સૂચના આપી હતી.

**રાજ્યમાં બિનાહિસાબી રોકડ રકમો ઝડપાવાના કિસ્સાઓ વધતા જઇ રહ્યા છે**

## દાહોદના ઝાબુઆ પાસે પોલીસ નાકાબંધી દરમિયાન કારચાલક પાસેથી બિનહિસાબી 80 લાખ રોકડા ઝડપ્યા

(પ્રતિનિધિ) કાલોલ,તા,2

થોડા સમય પહેલા ધાર જિલ્લાના બદનવરમાં પોલીસ ચેકિંગ દરમિયાન ઝાબુઆના બિઝનેસમેન દિવ્ય અરવિંદ કુમાર ઉર્ફે ચિનુ ચોપરાની કારમાંથી 80 લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા.

બદનવર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દીપક સિંહ ચૌહાણે જણાવ્યું હતું ધાર પોલીસ દ્વારા આ દિવસોમાં વાહન ચેકીંગની ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, ત્યારે બાતમીદાર પાસેથી બાતમી મળી હતી કે, હોન્ડા સીટી સફેદ કારમાં બે યુવકો મોટી રકમની રોકડ લઈને જઈ રહ્યા છે, બાતમી બાદ એક ટીમ બનાવીને કામે લગાડવામાં આવી હતી. તપાસમાં.

પોલીસ ટીમે નાકાબંધી કરી હતી જેમાં ગુજરાત કાર નંબર જીજે 20 સીએ 7000 આવતી જોવા મળી હતી, કારને રોકતા કારચાલક મૃતક પિતા અરવિંદ કુમાર ઉર્ફે ચિનુ ચોપડા રહે શ્રીમંત સોસાયટી જૂની ઈન્દોર હાઈવે રોડ દાહોદ હોલ મુકામ ઝાબુઆ અને અન્ય મિત્ર રિતેશ કુમારને ઝડપી લીધા હતા. ઝાબુઆના રહેવાસીની પૂછપરછ કરતાં તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો અને કારની તલાશી લેતા અંદરથી એક સફેદ થેલીમાં રૂ.80 લાખ મળી આવતા પોલીસે બંનેને ઝડપી લીધા હતા પૂછપરછ માટે સ્ટેશન લઈ ગયા. પૂછપરછ દરમિયાન બંને યુવકો આ રકમ ક્યાંથી લાવ્યા અને ક્યાં લઈ રહ્યા હતા તે અંગેના નક્કર દસ્તાવેજો બતાવી શક્યા ન હતા, હાલ આ રકમ જપ્ત કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી માટે આવકવેરા વિભાગને માહિતી આપવામાં આવી છે.

**છોકરીને ભગાડી જનારની બોગસ દસ્તાવેજો આધારે લગ્નની નોંધણીના કેસમાં કોર્ટનુ કડક વલણ**

## વેજલપુરના તલાટીની આગોતરા જામીન અરજી વિસનગર કોર્ટે ફગાવી દીધી

(પ્રતિનિધિ) કાલોલ,તા,2

વડનગર તાલુકાના સિંપોર ગામના ખેડૂત દશરથસિંહ તખાજી સોલંકીના મોટા દીકરાની ૨૨ વર્ષ ૧૦ માહ ની દીકરી તારીખ ૫/૪/૨૦૨૪ ના રોજ ઘરેથી શાકભાજી લેવા જવાનું કહીને નીકળ્યા બાદ ઘરે પરત નહીં આવતા તેમના પોતાની પોત્રીને ગામના મહિરાજસિંહ કીર્તિસિંહ સોલંકી સામે શંકા જતા ફરિયાદ કરી હતી.જેમાં ધરપકડ થી બચવા તલાટી કમ મંત્રી નાસ્તા ફરે છે તેઓએ મહેસાણા ના બીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ વિસનગર કોર્ટે મા આગોતરા જામીન માટે અરજી દાખલ કરી હતી.

સરકારી વકીલ દ્વારા કરેલ દલીલો મા તલાટી કમ મંત્રીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવે તો સાક્ષીઓ ઉપર દબાણ કરશે સહ આરોપીઓને હાજર થવા દેશે નહી, આવી પ્રવૃત્તિઓ અટકશે નહીં સ્ત્રીઓની સલામતી અંગે સરકારે કાયદા બનાવેલ છે જો આવા ગુનામાં સંડોવાયેલા આરોપીને જામીન મુક્ત કરાય તો આવી પ્રવૃત્તિઓ કરતા ઈસમોને કાયદાનો ડર રહેશે નહીં આરોપીનું નામ પહેલેથી જ ફરિયાદ મા છે જે દલીલો આધારે તલાટી કમ મંત્રીની આગોતરા અરજી આજ રોજ સોમવારે કોર્ટે નામંજૂર કરી છે છોકરીને ભગાડી જઈ પાલનપુર ખાતે ખોટા દસ્તાવેજો અને સાક્ષી ઊભા કરી ખોટી વિધિ કરાવીને વેજલપુર ખાતે હાજર થયા વગર જ લગ્નની નોંધણી કરાવડાવી હોવાનું એકબીજાના મદદગારીનો ગુનો નોંધાયો હતો. વેજલપુર ખાતે લગ્ન નોધણી ખુબ મોટા પ્રમાણમાં થઈ હોવાના અહેવાલો મળી રહ્યા છે ત્યારે તંત્ર આ બાબતે કોઈ તપાસ કરાવશે કે કેમ?